**અગ્રતા ક્રમ:** **૧૭**

**<u>વિભાગ:</u>** શિક્ષણ વિભાગ

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક:** ૧૫/૪/૧૨૨૬

વિધાનસભા ગૃહમાં જવાબ
આપવાની તારીખ: **૧૨/૦૨/૨૦૨૪**

## પંદરમી ગુજરાત વિધાનસભા

## <u>ચોથું સત્ર</u>

**પ્રશ્ન શિર્ષક:** કચ્છ જીલ્લામાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ મંજુર કરવામાં આવેલ અરજીઓ

**પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ**
**તથા તેમનો મત વિસ્તાર:** શ્રી પ્રધ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા)

## કચ્છ જીલ્લામાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ મંજુર કરવામાં આવેલ અરજીઓ

***૧૨૨૬ શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા): માનનીય શિક્ષણમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:–**

| ક્રમ | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જીલ્લાના નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકાઓમાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ પ્રવેશ માટે કેટલી અરજીઓ મળી, | (૧) | |

| તાલુકો | શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ |
|---|---|---|
| નખત્રાણા | ૬૫ | ૪૬ |
| અબડાસા | ૧૯ | ૪ |
| લખપત | ૧૮ | ૨ |

| ક્રમ | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૨) | તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને | (૨) | |

| તાલુકો | શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ |
|---|---|---|
| નખત્રાણા | ૪૨ | ૩૨ |
| અબડાસા | ૯ | ૩ |
| લખપત | ૯ | ૦ |

| ક્રમ | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૩) | તે પૈકી કેટલા વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો ? | (૩) | |

| તાલુકો | શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ |
|---|---|---|
| નખત્રાણા | ૩૭ | ૩૦ |
| અબડાસા | ૬ | ૩ |
| લખપત | ૯ | ૦ |

---

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૨૨૬**

**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ: શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા)**

**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા)**

---

**પ્રશ્ન–(૧) (અ) કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૨૨–૨૩ અને ૨૦૨૩–૨૪ માં આર.ટી.ઈ પ્રવેશ માટે કેટલી જગ્યાઓ ઉપલબ્ધ હતી ?**

**(બ) તે પૈકી કુલ કેટલી અરજી મળી ? તે પૈકી માન્ય અને અમાન્ય અરજી કેટલી હતી ?**

**(ક) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો ?અને કેટલા વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો ?**

**જવાબ :**

(અ) કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૨૨–૨૩માં આર.ટી.ઇ હેઠળ પ્રવેશ અંતર્ગત ૩૫૯ ખાનગી પ્રાથમિક શાળાઓમાં ૨૫% મુજબ ધોરણ–૧ની કુલ ૨૧૨૯ જગ્યાઓ ઉપલબ્ધ હતી.

તે જ રીતે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪માં આર.ટી.ઈ હેઠળ પ્રવેશ અંતર્ગત ધોરણ–૧ની કુલ ૨૫૦૭ જગ્યાઓ ઉપલબ્ધ હતી.

(બ) વર્ષ ૨૦૨૨–૨૩માં કુલ ૫૨૮૦ અરજીઓ મળેલ. જે પૈકી ૪૧૪૫ અરજી જિલ્લા કક્ષાએ માન્ય કરવામાં આવી જ્યારે ૧૧૩૫ અરજી નિયમાનુસાર વિવિધ કારણોસર અમાન્ય કરવામાં આવી.

તે જ રીતે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪માં કુલ ૨૪૪૭ અરજીઓ મળેલ. જે પૈકી ૧૬૯૨ અરજી જિલ્લા કક્ષાએ માન્ય કરવામાં આવી તથા ૭૫૫ અરજી નિયમાનુસાર વિવિધ કારણોસર અમાન્ય કરવામાં આવી.

(ક) માન્ય અરજીઓ પૈકી વર્ષ ૨૦૨૨–૨૩માં ૨૧૮૩ બાળકોને પ્રવેશ ફાળવવામાં આવ્યો જે પૈકી ૧૮૯૫ બાળકોએ આર.ટી.ઈ હેઠળ પ્રવેશ મેળવેલ છે.

તેજ રીતે, માન્ય અરજીઓ પૈકી વર્ષ ૨૦૨૩–૨૪માં ૧૬૫૮ બાળકોને પ્રવેશ ફાળવવામાં આવ્યો જે પૈકી ૧૩૮૬ બાળકોએ આર.ટી.ઈ હેઠળ પ્રવેશ મેળવેલ છે.

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૨૨૬**
**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ: શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા)**
**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: શ્રી અનિરૂધ્ધ દવે (માંડવી)**

---

**પ્રશ્ન–** **RTE એક્ટ હેઠળ પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીને શાળા ફેરબદલી કરી આપવાની જોગવાઈ છે ? અને જો હા, તો કેવી જોગવાઈ કરવામાં આવેલ છે** ?

**જવાબ :**

- હા જી,
- રાજ્ય સરકાર દ્વારા જે વાલીને મુખ્યમંત્રી આવાસ યોજના કે અન્ય સરકારી આવાસ યોજનામાં આવાસ મળેલ હોય, અન્ય સંજોગોના કારણે રહેઠાણ બદલવું પડ્યુ હોય,
- અંગ્રેજી કે અન્ય માધ્યમમાં પ્રવેશ બાદ ભણવામાં મુશ્કેલી હોય,
- ગંભીર માંદગી જેમ કે હૃદય, કીડની, કેન્સર જેવી ગંભીર બિમારી હોય,
- માતા–પિતાના છૂટાછેડા, માતા–પિતા પૈકી એકનું અવસાન વગેરે કારણોસર જરૂરી આધાર–પુરાવા મેળવી
- જિલ્લાની અંદર તેમજ અન્ય જિલ્લામાં શાળા ફેરબદલી કરી આપવામાં આવે છે.

| **શૈ. વર્ષ** | **જિલ્લાની આંતરીક શાળા ફેરબદલનો લાભ આપેલ વિદ્યાર્થીઓની સંખ્યા** | **અન્ય જિલ્લા માંથી આવેલ વિદ્યાર્થીઓને શાળા ફેરફારનો લાભ આપેલ હોય તેવા વિદ્યાર્થીઓની સંખ્યા** |
|---|---|---|
| ૨૦૨૨–૨૩ | ૯૯ | ૧ |
| ૨૦૨૩–૨૪ | ૯૪ | ૧ |

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૨૨૬**
**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ: શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા)**
**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: શ્રી ત્રિકમભાઇ છાંગા (અંજાર)**

---

**પ્રશ્ન–(૩)** **કચ્છ જિલ્લામાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ અને શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ માટે ખાનગી પ્રાથમિક શાળાનાં વિદ્યાર્થીઓ માટે ફી પરત ચૂકવણી સહાય યોજના હેઠળ શાળાઓને કુલ કેટલી રકમ ચુકવવામાં આવી?**

**જવાબ :** કચ્છ જિલ્લામાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩માં આર.ટી.ઈ હેઠળ ખાનગી શાળાઓમાં ધોરણ ૧ થી ૮માં અભ્યાસ કરતા કુલ ૧૦,૨૧૮ વિદ્યાર્થીઓ માટે રૂ. ૧૩,૬૭૫/–ની મર્યાદામાં ૩૫૯ ખાનગી શાળાઓને રૂપિયા ૮,૮૩,૪૩,૪૯૧/– અને શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ માં કુલ ૧૧,૬૨૬ વિદ્યાર્થીઓ માટે રૂ**.૧૩,૬૭૫/–**ની મર્યાદામાં ૩૬૩ ખાનગી શાળાઓને પ્રથમ સત્રની રૂપિયા ૭,૯૨,૧૭,૨૯૩/–ની ફી પરત ચૂકવણી સહાય યોજના હેઠળ શાળાઓને રકમ ચુકવવામાં આવેલ છે.આ રકમ સિધી શાળાઓના બેન્ક એકાઉન્ટમાં જિલ્લા કચેરી દ્વારા જમા કરાવવામાં આવે છે.

તથા, બીજા સત્રની ફી પરત ચુકવણીની ગ્રાન્ટ સબંધિત શાળાઓને ફાળવવા અર્થેની કાર્યવાહી હાલ જિલ્લા કક્ષાએ ચાલુ છે.

| વર્ષ | શાળાઓની સંખ્યા | વિદ્યાર્થી સંખ્યા | ચૂકવાયેલ ફી–રીએમ્બર્સમેન્ટ રકમ |
|---|---|---|---|
| ૨૦૨૨–૨૩ | ૩૫૯ | ૧૦,૨૧૮ | ૮,૮૩,૪૩,૪૯૧ /– |
| ૨૦૨૩–૨૪ | ૩૬૩ | ૧૧,૬૨૬ | ૭,૯૨,૧૭,૨૯૩ /– (બીજા સત્રની ફી પરત ચુકવણીની કાર્યવાહી હાલ ચાલુ છે) |

# પૂરક માહિતી

**પ્રશ્ન– RTE પ્રવેશ માટે કરવાની થતી અરજી નામંજુર કરવાનાં કારણો ક્યા–ક્યા છે?**

જવાબ :

- અરજી નામંજુર કરવાનાં કારણો આ મુજબ છે:

1. વાલીશ્રી નિયત આવકમર્યાદા કરતાં વધુ આવક ધરાવતા હોય.
2. જે તે કેટેગરીનો સક્ષમ અધિકારીનો દાખલો રજુ કરેલ ન હોય.
3. નિયત કરતાં બાળકની વય વધારે/ઓછી હોય
4. રહેઠાણ માટે ભાડાનાં મકાનનાં કિસ્સામાં રજિસ્ટર્ડ ભાડાકરાર રજૂ કરેલ ન હોય.
5. સક્ષમ અધિકારીનો આવકનો દાખલો રજુ કરેલ ન હોય.
6. જરૂરી આધારો સાથેની ઓનલાઈન અરજી કરેલ ન હોય.

**પ્રશ્ન– RTE પ્રવેશ માટે કરવાની થતી અરજી નામંજુર કરવાનાં કારણો ક્યા–ક્યા છે?**

જવાબ :

- અરજી નામંજુર કરવાનાં કારણો આ મુજબ છે:

1. વાલીશ્રી નિયત આવકમર્યાદા કરતાં વધુ આવક ધરાવતા હોય.
2. જે તે કેટેગરીનો સક્ષમ અધિકારીનો દાખલો રજુ કરેલ ન હોય.
3. નિયત કરતાં બાળકની વય વધારે/ઓછી હોય
4. રહેઠાણ માટે ભાડાનાં મકાનનાં કિસ્સામાં રજિસ્ટર્ડ ભાડાકરાર રજૂ કરેલ ન હોય.
5. સક્ષમ અધિકારીનો આવકનો દાખલો રજુ કરેલ ન હોય.
6. જરૂરી આધારો સાથેની ઓનલાઈન અરજી કરેલ ન હોય.

**પ્રશ્ન– આર.ટી.ઈ હેઠળ પ્રવેશ ફાળવ્યા બાદ બાળક દ્વારા પ્રવેશ ન મેળવવાનાં કારણો શાં છે?**

જવાબ :

- બાળકે પસંદ કરેલ શાળાઓ પૈકી અગ્રતાક્રમ મુજબ આર.ટી.ઈ હેઠળ શાળા ફાળવવામાં આવે છે. આથી, ઘણીવાર પ્રથમ ક્રમની પસંદ કરેલ શાળાને બદલે પછીના ઉતરતા ક્રમની પસંદ કરેલ શાળા ફાળવાય છે. પરંતુ, બાળક પસંદ કરેલ પ્રથમ ક્રમની જ શાળામાં પ્રવેશ મેળવવાનો આગ્રહ રાખતા હોઈ ફાળવેલ શાળામાં પ્રવેશ મેળવતો નથી.
- બાળકને આર.ટી.ઈ હેઠળ પોતાના રહેઠાણથી ૬ કિ.મીની ત્રિજ્યાવર્તી અંતરમાં પ્રવેશ ફાળવવાની જોગવાઈ છે. તેમ છતાં આર.ટી.ઈ હેઠળ ફાળવેલ શાળા રહેઠાણથી દૂર જણાતી હોઈ નજીકની અન્ય શાળામાં સ્વેચ્છાએ પ્રવેશ લઈ લેવાના કારણે ફાળવેલ શાળામાં પ્રવેશ મેળવતો નથી.
- બાળકના ભાઈ/બહેન જે શાળામાં અભ્યાસ કરતા હોય તેવી શાળા આર.ટી.ઈ હેઠળ ન મળવાના

**પ્રશ્ન– (અ) કચ્છ જિલ્લાનાં નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકામાં વર્ષ ૨૦૨૨–૨૩ અને ૨૦૨૩–૨૪ માં આર.ટી.ઈ પ્રવેશ માટે કેટલી જગ્યાઓ ઉપલબ્ધ હતી ?**

**(બ) તે પૈકી કુલ કેટલી અરજી મળી ? તે પૈકી માન્ય અને અમાન્ય અરજી કેટલી હતી ?**

**(ક) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓએ RTE હેઠળ પ્રવેશ મેળવેલ છે ?**

**જવાબ :**

(અ) કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૨૨–૨૩માં આર.ટી.ઇ હેઠળ પ્રવેશ અંતર્ગત ૨૫% મુજબ ધોરણ–૧માં નખત્રાણા તાલુકામાં: ૪૯, અબડાસા તાલુકામાં: ૨૦ તથા લખપત તાલુકામાં : ૩૨ જગ્યાઓ ઉપલબ્ધ હતી.

તે જ રીતે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪માં આર.ટી.ઇ હેઠળ પ્રવેશ અંતર્ગત ૨૫% મુજબ ધોરણ–૧માં નખત્રાણા તાલુકામાં: ૬૪, અબડાસા તાલુકામાં: ૨૩ તથા લખપત તાલુકામાં : ૨૯ જગ્યાઓ ઉપલબ્ધ હતી

(બ) કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૨૨–૨૩માં નખત્રાણા તાલુકામાં: ૬૫ અરજીઓ મળેલ જે પૈકી ૪૨ અરજીઓ માન્ય તથા ૨૩ અરજીઓ વિવિધ કારણોસર અમાન્ય કરવામાં આવેલ.

તેજ રીતે અબડાસા તાલુકામાં: ૧૯ મળેલ મળેલ જે પૈકી ૯ અરજીઓ માન્ય તથા ૧૦ અરજીઓ વિવિધ કારણોસર અમાન્ય કરવામાં આવેલ.

તેજ રીતે લખપત તાલુકામાં: ૧૮ અરજીઓ મળેલ જે પૈકી ૯ અરજીઓ માન્ય તથા ૯ અરજીઓ વિવિધ કારણોસર અમાન્ય કરવામાં આવેલ.

જ્યારે વર્ષ ૨૦૨૩–૨૪માં નખત્રાણા તાલુકામાં: ૪૬ અરજીઓ મળેલ જે પૈકી ૩૨ અરજીઓ માન્ય તથા ૧૪ અરજીઓ વિવિધ કારણોસર અમાન્ય કરવામાં આવેલ.

તેજ રીતે અબડાસા તાલુકામાં: ૪ મળેલ મળેલ જે પૈકી ૩ અરજીઓ માન્ય તથા ૧ અરજી અમાન્ય કરવામાં આવેલ.

તેજ રીતે લખપત તાલુકામાં: ૨ અરજીઓ મળેલ જે પૈકી ૨ વિવિધ કારણોસર અમાન્ય કરવામાં આવેલ.

**નોંધ: અમાન્ય થયેલ અરજીઓના કારણો દર્શાવતુ પત્રક આ મુજબ છે.**

| વર્ષ ૨૦૨૨-૨૩ | | |
|---|---|---|
| **તાલુકાનું નામ** | **નામંજુરીનું કારણ** | **નામંજુર કરેલ અરજીઓની સંખ્યા** |
| **નખત્રાણા** | રહેઠાણના પુરાવા મુજબના જી.ઓ. લોકેશન મુજબ શાળા પસંદ ન કરેલ હોઈ અમાન્ય | ૭ |
| | સક્ષમ અધિકારીનો આવકનો દાખલો રજુ કરેલ ન હોય | ૨ |
| | જે તે કેટેગરીનો સક્ષમ અધિકારીનો દાખલો રજુ કરેલ ન હોય | ૮ |
| | રહેઠાણ માટે ભાડાનાં મકાનનાં કિસ્સામાં રજિસ્ટર્ડ ભાડાકરાર રજૂ કરેલ ન હોય | ૬ |
| | **કુલ નામંજુર અરજીની સંખ્યા** | ૨૩ |
| **અબડાસા** | રહેઠાણનો પુરાવો અમાન્ય | ૬ |
| | જે તે કેટેગરીનો સક્ષમ અધિકારીનો દાખલો રજુ કરેલ ન હોય | ૨ |
| | નિયત જોગવાઈ કરતાં બાળકની વય વધારે/ઓછી હોય અમાન્ય | ૨ |
| | **કુલ નામંજુર અરજીની સંખ્યા** | ૧૦ |
| **લખપત** | સક્ષમ અધિકારીનો આવકનો દાખલો રજુ કરેલ ન હોય | ૬ |
| | રહેઠાણનો પુરાવો અમાન્ય | ૨ |
| | નિયત જોગવાઈ કરતાં બાળકની વય વધારે/ઓછી હોય અમાન્ય | ૧ |
| | **કુલ નામંજુર અરજીની સંખ્યા** | ૯ |
| **વર્ષ ૨૦૨૩-૨૪** | | |
| **નખત્રાણા** | નિયત નમૂનાનું આવક અંગેનુ સ્વ ઘોષણાપત્ર જોડેલ ન હોઈ અમાન્ય | ૧ |
| | રહેઠાણના પુરાવા મુજબના જી.ઓ. લોકેશન મુજબ શાળા પસંદ ન કરેલ હોઈ અમાન્ય | ૬ |
| | રહેઠાણનો પુરાવો અમાન્ય | ૭ |
| | **કુલ નામંજુર અરજીની સંખ્યા** | ૧૪ |
| **અબડાસા** | રહેઠાણના પુરાવા મુજબના જી.ઓ. લોકેશન મુજબ શાળા પસંદ ન કરેલ હોઈ અમાન્ય | ૧ |
| | **કુલ નામંજુર અરજીની સંખ્યા** | ૧ |
| **લખપત** | સક્ષમ અધિકારીનો આવકનો દાખલો રજુ કરેલ ન હોય | ૧ |
| | રહેઠાણનો પુરાવો અમાન્ય | ૧ |
| | **કુલ નામંજુર અરજીની સંખ્યા** | ૨ |

(ક) માન્ય અરજીઓ પૈકી કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૨૨–૨૩માં માન્ય અરજીઓ પૈકી નખત્રાણા તાલુકામાં: ૩૭, અબડાસા તાલુકામાં: ૬ તથા લખપત તાલુકામાં ૯ વિદ્યાર્થીઓએ RTE હેઠળ પ્રવેશ મેળવેલ છે.

તેજ રીતે, માન્ય અરજીઓ પૈકી કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૨૩–૨૪માં માન્ય અરજીઓ પૈકી નખત્રાણા તાલુકામાં: ૩૦, અબડાસા તાલુકામાં: ૩ વિદ્યાર્થીઓએ RTE હેઠળ પ્રવેશ મેળવેલ છે.

અગ્રતા ક્રમઃ- (૧૭)

(૧) શ્રી અનિરૂધભાઇ દવે (માંડવી)

(૨) શ્રી ત્રિકમભાઇ છાંગા(અંજાર)